અપીલ અરજી નં.૨૨૦ તા.૨૮–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી પ્રકાશ બી. બાગુલ
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રકાશ બી. બાગુલની તા.૪–૮–૧૦ની અરજીથી (૧) બમરોલી વિસ્તારમાં આવેલ રે.સ. નં.૧૬૦ માં સાકાર રણછોડનગર સોસાયટી બમરોલી –અલથાણના ૪૫ મીટર રસ્તાના લાઈનદોરીમાં જતાં તે સોસા.નાં કેટલા પ્લોટ હોલ્ડરોનું ડીમોલેશન કરવામાં આવેલ ? વિ. મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૨૦/૨૦૧૦–૧૧

શ્રી પ્રકાશ બી. બાગુલની તા.૪–૮–૧૦ની અરજીથી (૧) બમરોલી વિસ્તારમાં આવેલ રે.સ. નં.૧૬૦ માં સાકાર રણછોડનગર સોસાયટી બમરોલી –અલથાણના ૪૫ મીટર રસ્તાના લાઈનદોરીમાં જતાં તે સોસા.નાં કેટલા પ્લોટ હોલ્ડરોનું ડીમોલેશન કરવામાં આવેલ ? વિ. મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૪૩ તા.૨૧–૧૦–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજી લગભગ પખવાડીયાના વિલંબથી કરેલ હોઈ જે અંગે વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં તા.૨૫–૧૦–૧૦ ના પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૪–૮–૧૦ ની અરજીથી બમરોલી વિસ્તારમાં આવેલ રે.સ નં.૧૬૦ રણછોડનગર સોસા. બમરોલી અલથાણના ૪૫ મી. રસ્તાની લાઈનદોરી જતાં કેટલા પ્લોટ હોલ્ડરોનું ડીમોલીશન કરવા બાબતે મુદ્દા નં.૧ થી ૮ થી માહિતી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જેમાં (૧) બમરોલી વિસ્તારમાં આવેલ રે.સ. નં.૧૬૦ માં સાકાર રણછોડનગર સોસાયટી બમરોલી –અલથાણના ૪૫ મીટર રસ્તાના લાઈનદોરીમાં જતાં તે સોસા.નાં કેટલા પ્લોટ હોલ્ડરોનું ડીમોલેશન કરવામાં આવેલ છે? (૨) રણછોડનગર સોસા.ના પ્લોટ હોલ્ડરોને વૈકલ્પિક જગ્યા, રહેઠાણના મકાનો, કે પ્લોટ કયા સ્થળે આપવામાં આવેલ છે? તે પ્લોટની સાઈઝ કેટલી? રે.સ. નં. તથા ફાયનલ પ્લોટ સહિતની નકશા સાથેની માહિતી આપવી. (૩) રણછોડનગર સોસા.ના કેટલા પ્લોટ હોલ્ડરોને વૈકલ્પિક જગ્યા રહેઠાણ માટે આપવામાં આવેલ છે? તેના નામો સહિતની મુદ્દાસર માહિતી આપવી. (૪) રણછોડનગર સોસા.ના પ્લોટ હોલ્ડરો (મકાન ધારકો) ના ડીમોલીશન પહેલા સર્વે કરી યાદી બનાવવામાં આવેલ છે તે મુળ સર્વે યાદીની ઝેરોક્ષ નકલ સહી સિકકા સાથે આપવી. (૫) રણછોડનગર સોસા.માં રહેતાં પ્લોટ નં.૨ ના માલીક શ્રીમતી શોભાબેન ભગવાન ચંદનશીવને વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવેલ છે કે કેમ? મુળ પ્લોટ હોલ્ડર હોવા છતાં તેઓને રહેઠાણનો અન્ય પ્લોટ હોલ્ડરની જેમ વૈકલ્પિક જગ્યા મકાન કે પ્લોટ કેમ આપવામાં આવેલ નથી.? તેની વિગત આપવી. (ટેના નં.૩૧એ–૨૧–૪૨૧૧–૦–૦૦૧) (૬) રણછોડનગર સોસા.ના મુળ પ્લોટ હોલ્ડરો જેમાં પ્લોટ નં.૪ હતો અને ટેના નં.૩૧એ–૨૧–૪૨૩૧ –૦–૦૦૧ હતો અને દિનેશભાઈ યાઈકરાવ સુતરાળે તેમના પત્ની માલનબાઈ વેંકટરાય સુતરાળેના નામે વેરો ચાલતો આવેલ તેમના પાસ ેથી શ્રીમતિ સવિતાબેન સાહેબરાવ ચંદનશીવ ખરીદ કરેલ છે. મુળ પ્લોટ માલિકને વૈકલ્પિક રહેઠાણ માટે જગ્યા મકાન કે પ્લોટ ફાળવવામાં આવેલ છે કે કેમ? વૈકલ્પિક જગ્યા કેમ ફાળવવામાં આવેલ નથી? તેની પૂરક માહિતી આપવા વિનંતી. ખરીદ કરનાર સવિતાબેન સાહેબરાવ ચંદનશીવને વૈકલ્પિક જગ્યા ફાળવવામાં આવેલ છે કે કેમ? (૭) રણછોડનગર સોસા.માં ડીમોલીશન થયેલા હજી કેટલા મુળ પ્લોટ હોલ્ડરોને વૈકલ્પિક જગ્યા આપવાની બાકી છે? તેની નામ સહિતની યાદી આપવા વિનંતી. (૮) બાકી રહેલા મુળ પ્લોટ હોલ્ડરોને વૈકલ્પિક જગ્યા મહાપાલીકા ફાળવવાની છે કે કેમ? અને જો આપવા માંગતી હોય તો કયારે? કયા સ્થળે? શું ઈડબલ્યુએસના આવાસો આપશે કે કેમ? જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં ન આવતા અરજદારે લગભગ ૧ પખવાડીયાના વિલંબથી તા.૧૮–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે અંગે અપીલ તબકકે વિલંબનું વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને અરજદારે સુરત મ્યુ. કોર્પોરેશનની ચૂંટણીની કામગીરીમાં વ્યસ્ત હોવાથી સમયસર અપીલ કરી શકેલ નથી તેવું જણાવેલ છે. તેવું જણાવેલ છે જે ચૂંટણીની તારીખો જોતાં તે સમયગાળામાં આવેલ છે. આમ વિલંબથી થયેલી અરજી કાયદાનુસાર પ્રથમ દર્શીય રીતે ગ્રાહય રાખવાપાત્ર રહેતી નથી તેમ છતાં કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માંગવામાં આવેલી મુદ્દા નં.૧ થી ૮ ની કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારે તા.૪–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ  લાગુ કિસ્સામાં  નિયત ફી ભરપાઈ કરી અરજદારને પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને  જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી પ્રકાશ બી. બાગુલ